## જન્મદિને વધામણી



**મંથન ભટ્ટ**
(૧૩-૮-૧૯૮૦) કારોબારી સભ્ય,
ગાંધીનગર કલ્ચરલ ફોરમ



**હર્ષ ભટ્ટ**
મો. ૯૯૭૮૮ ૮૨૬૩૬



**સૂર્યકાન્ત બારોટ**
સલાહકાર
ગાંધીનગર બ્રહ્મભટ્ટ સમાજ
મો. ૯૯૧૩૩ ૭૭૩૬૧



**નીલુબેન રમેશજી રાઠોડ**
મો. ૯૯૨૪૮ ૯૭૮૨૩



**ભગવતીપ્રસાદ રાવલ**
(૧૩-૮-૧૯૪૦) પૂર્વ પ્રમુખ અને સલાહકાર, વિસનગરા નાગર પરિવાર
ફોન : ૨૩૨ ૩૦૩૮૨



**જય વિજયકુમાર પવાર**
મો. ૯૪૦૮૦ ૨૬૫૧૬



**સંદીપ દવે**



**વિશાલ પરમાર**
ફોન : ૨૩૨૨૬૧૧૦

## સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે વેશભૂષા કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૧૨

સ્વતંત્રતા દિવસ નિમિત્તે શહેરની સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં વેશભૂષા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વેશભૂષા માટે 'સ્વતંત્રતાસેનાની' વિષય વિદ્યાર્થીઓને આપવામાં આવ્યો હતો, જેને અનુરૂપ વિદ્યાર્થીઓ વિવિધ સ્વતંત્રતાસેનાનીઓનાં પોષાકોમાં સજ્જ થઈને આવ્યા હતા. પ્રસ્તુત તસવીરમાં દેખાતો વિદ્યાર્થી કેદાર ભાવેશ મહેતા જવાહરલાલ નહેરુની વેશભૂષામાં સજ્જ દેખાય છે.

### આદિશ્વર કૉલેજ, વિનસના

# વિદ્યાર્થીઓએ સૅલ્ફ બૅલેન્સિંગ ઈલેક્ટ્રીક સ્કૂટર વિકસાવ્યું

ગાંધીનગર, તા. ૧૨

આજના ગ્લોબલ વૉર્મિંગ અને ક્લાઈમેટ ચૅન્જના યુગમાં, વાહનોના અતિશય ઉપયોગને કારણે દિવસે ને દિવસે વાતાવરણ વધુ ને વધુ પ્રદૂષિત થાય છે તથા પૅટ્રોલ, ડિઝલ જેવા કુદરતી બળતણનો વપરાશ પણ વિપુલ પ્રમાણમાં થઈ રહ્યો છે, જેના કારણે પ્રદૂષણની સમસ્યા પણ વકરી રહી છે.

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના અહેવાલ પ્રમાણે વાતાવરણના પ્રદૂષણમાં ૪૦ ટકા ફાળો વાહનોના બળતણના વપરાશને કારણે થાય છે. આ સંજોગોમાં વીજળીથી ચાલતાં વાહનો બનાવવા અને વાપરવાના હેતુથી આદિશ્વર કૉલેજ ઑફ ટૅકનોલૉજીના ઈલૅક્ટ્રીકલ અને ઈલૅક્ટ્રોનિક્સના ચાર વિદ્યાર્થીઓ - આકાશ પટેલ, સતીષ જેઠવા, ઉત્તમ પટેલ અને હર્ષ પટેલે ફૅકલ્ટી કૌસ્તુભ વ્યાસ અને જય પટેલના માર્ગદર્શન હેઠળ સૅલ્ફ બૅલેન્સિંગ ઈલેક્ટ્રીક સ્કૂટર (સૅગવે) વિકસાવ્યું છે.





બે પૈડાંવાળું આ સ્કૂટર વિકસાવવા માટે ઈલેક્ટ્રીક સ્પીડ કંટ્રોલ અને આરક્યુનો ટૅકનોલૉજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ૧૦થી ૯૦ કિગ્રા વજનવાળા વ્યક્તિઓ આ સ્કૂટરનો ઉપયોગ કરી શકે છે. સ્કૂટરની સ્પીડ ૧૦થી ૨૦ કિમીની છે તથા એક વખત બૅટરી ચાર્જ કર્યા પછી તે ૩૫થી ૪૦ કિમી ચાલી શકે છે. સ્કૂટર વિકસાવવા માટે ૨૦ હજાર જેટલો ખર્ચ થયો છે.

મોટી ઈન્ડસ્ટ્રીઝ, કૉલેજ, યુનિવર્સિટીઝમાં આંતરિક ટ્રાન્સપૉર્ટેશન માટે તેનો ઉપયોગ આદર્શ છે, તેનાથી પાર્કિંગનો પ્રશ્ન નિવારી શકાય છે. વળી તે પર્યાવરણ અનુકૂળ વાહન છે તેથી પ્રદૂષણની સમસ્યા પણ ઘણી ઘટી શકે છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
રૂસ્તમ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫
**સ્ક્રીન-૨**
મોહેંજો દરો
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫
**સ્ક્રીન-૩**
રૂસ્તમ
૨.૧૫, ૮.૩૦
મોહેંજો દરો
૧૧.૧૫, ૫.૧૫
**સ્ક્રીન-૪**
મોહેંજો દરો
સવારે ૧૦.૦૦
ઢીશૂમ
૩.૪૫, ૧૦.૦૦
**સ્ક્રીન-૫**
મોહેંજો દરો
૨.૩૦, ૮.૩૦
રૂસ્તમ
૧૧.૦૦, ૫.૩૦

# જે એમ ચૌધરી કન્યા વિદ્યાલય જમ્પરોપમાં રાજ્યકક્ષાએ રમશે

ગાંધીનગર, તા. ૧૨

શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, ગાંધીનગર ખાતે જિલ્લાકક્ષાની અન્ડર-૧૭ જમ્પરોપ સ્પર્ધા યોજાઈ હતી, જેમાં ગ્રાન્ટેડ વિભાગની વિદ્યાર્થીનીઓ પ્રથમ ક્રમે વિજેતા બની હતી.

આ વિજેતા વિદ્યાર્થીનીઓને શાળાનું ગૌરવ વધારવા બદલ આચાર્યા સંતોકબેન ચૌધરી તથા વ્યાયામ શિક્ષિકા વિનાક્ષીબેન સુતરિયા, લીલાબેન ચૌધરી અને હેતલબેન દેસાઈએ બિરદાવી અભિનંદન પાટવ્યા છે.

ઉલ્લેખનીય છે કે આ વિજેતા ટીમમાં ઊર્મિલા કે ચૌધરી, હેતલ ઍમ ચૌધરી, અમિષા જે ચૌધરી, ધૃવિકા બી ચૌધરી, આશા બી ચૌધરી, ઊર્મિલા ઍચ ચૌધરી, વનિતા બી ચૌધરી, પ્રેક્ષા જે બાકલ્યા, રિન્કુ જી ચૌધરી, ઊર્મિલા ઍચ ચૌધરી, જયશ્રી ડી ચૌધરી, શીતલ આર ચૌધરી અને ટીસા ડી ગરિયલ સામેલ હતાં. જિલ્લાકક્ષાએ વિજેતા આ વિદ્યાર્થીઓ હવે રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે.

# મણિબેન ઍમ પી શાહ મહિલા આર્ટ્સ કૉલેજમાં શિવારાધના કાર્યક્રમ યોજાયો



ઍમ પી શાહ ઍજ્યુકેશન સોસાયટી સંચાલિત મણિબેન ઍમ પી શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડી ખાતે સંસ્કૃત વિભાગ દ્વારા શિવારાધના કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પ્રિન્સિપાલ ડૉ. હિનાબેન પટેલે આશીર્વચન આપ્યા હતા. ડૉ. વંદનાબેન ઠક્કરે છાત્રાઓને સ્મૃતિચિહ્નો આપી પ્રોત્સાહિત કર્યાં હતાં. આ કાર્યક્રમમાં ધૃતિ, ગાયત્રી, હિરલ, આરતી, કાજલ, કોમલ, અંજલિ, આરતી, રચના, હેમાંગી, જ્યોતિ, નિકિતા, ઊર્મિલા, પિન્કી તથા કાજલ વગેરે છાત્રાઓએ શિવ વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા. કાર્યક્રમના ઈવેન્ટ મેનેજર તથા માર્ગદર્શક ડૉ. મનસુખ પટોલિયા આ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. ગાયત્રી કુંભારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.



કડી સર્વ વિદ્યાલય સંચાલિત ઍસ જી અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળા ખાતે શુક્રવારે ધોરણ-૧ થી ૪ના વિદ્યાર્થીઓ માટે ફુગ્ગા શણગારવાની પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિ અંતર્ગત બાળકોએ ફૂલની પાંદડી, રંગીન કાગળ, પૅન્સિલના છોલ વગેરેથી ફુગ્ગાને સુંદર રીતે શણગાર્યા હતા. દરેક ધોરણમાંથી ત્રણ વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શણગાર બદલ ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. પોતાને ગમતા ફુગ્ગાને સજાવવાની આ પ્રવૃત્તિમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## શ્રી અરવિંદનો જન્મદિવસ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૨

આગામી તા. ૧૫ ઑગષ્ટ ને સોમવારના રોજ શ્રી અરવિંદના જન્મદિવસ નિમિત્તે શ્રી અરવિંદ કેન્દ્ર, સૅક્ટર-૨૩, ગાંધીનગર ખાતે સવારે ૯.૩૦થી ધ્યાન, પ્રાર્થના તથા 'ભગવદ્ગીતાનો દિવ્ય સંદેશ' વિષય ઉપર ઓજસી પરમેશ્વરનું જાહેર પ્રવચન અને સાંજે પાંચથી નવ દરમ્યાન આંબેડકર હૉલ, સૅક્ટર-૧૨ ખાતે સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા નૃત્ય તથા સંગીત સંધ્યાનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે.

# મેડિકલ ક્ષેત્રે જવા માગતા ઉત્સાહીઓ માટે નવું શિક્ષણ સ્થાન : ફિલિપાઈન્સ



અમદાવાદ, તા. ૧૨

હવે મેડિકલ ક્ષેત્રમાં જવા માગતા ઉત્સાહીઓને તેમનું સપનું સાકાર કરવાનું સ્થળ, ડે લા સાલ હેલ્થ સાયન્સ ઈન્સ્ટિટ્યુટ, ફિલિપાઈન્સ મળી ગયું છે. મેડિકલ અને આરોગ્ય સંલગ્ન આ સંસ્થા હવે ભારતીય વિદ્યાર્થીઓને પુર્ણ સ્તરનું મેડિકલ શિક્ષણ આપી રહી છે. આ સંસ્થાએ પસંદ કરેલા વિદ્યાર્થીઓને પ્રવેશ પ્રક્રિયા માટે અમદાવાદમાં પ્રવેશ પરીક્ષાનું આયોજન કર્યું હતું.

ઈરમા એજ્યુકેશન કન્સલ્ટન્સી, ગાંધીનગર દ્વારા ઈન્સ્ટિટ્યૂટના ૭ ડેલીગેટની હાજરીમાં શહેરમાં ટેસ્ટનું આયોજન કર્યું હતું. જેમાં ૨૩ વિદ્યાર્થીઓ ભાગ લીધો. જે વિદ્યાર્થીઓ આ ટેસ્ટમાં સફળ થયા તેમને યુનિવર્સિટીનું એડમિટ કાર્ડ આપવામાં આવ્યું હતું અને પ્રવેશ પ્રક્રિયા સાંજે શરૂ કરવામાં આવી હતી.


ઈરમા એજ્યુકેશન કન્સલ્ટન્સીના સીઈઓ પ્રભાકર બી. શાહ જણાવે છે કે ડે લા સાલ હેલ્થ સાયન્સ ઈન્સ્ટિટ્યુટ હાલમાં પ્રિમિયર એજ્યુકેશન સંસ્થા ગણાય છે. તે આપણા દેશના આધ્યાત્મિક, સામાજીક અને આર્થિક પરિવર્તની પ્રક્રિયામાં ઉદ્દીપક બનવા માંગતા હોય તેવા નિષ્ઠા અને સમર્પણ ધરાવતા મેડિકલ અને આરોગ્ય સાથે સંકળાયેલા પ્રોફેશલ્સનું ભાવિ ઘડે છે. શિક્ષણનું સ્તર જાળવી રાખવા માટે દર વર્ષે યુનિવર્સિટી પ્રવેશ પરીક્ષાનું આયોજન કરે છે.

ફિલિપાઈન્સના શિક્ષણ ક્ષેત્રે નકલી રેકેટ્સ અંગે પુછવામાં આવતા શ્રી શાહે જણાવ્યું છે 'અમે એ બાબત નકારતા નથી કે નકલી રેકેટ્સ અસ્તિત્વ ધરાવે છે અને તેને કારણે નકલી ડીગ્રી સાથેના કેટલાક વિદ્યાર્થી ફિલિપાઈન્સમાં અટવાઈ પડ્યા છે, પણ ડે લા સાલ હેલ્થ સાયન્સ ઈન્સ્ટિટ્યુટમાં વાસ્તવિક પરિબળ બાબતે તે ખાતરી રાખી શકે છે.

# અસલી સુલતાન : ઑલિમ્પિક પ્લેયર સ્વ. શંકરરાવ થોરાત

બ્રાઝીલના રિયો ડી જાનેરિયો ખાતે ૨૦૭ દેશ, ૨૮ રમત, ૩૦૬ સ્પર્ધા, દસ હજાર ખેલાડીઓ અને વિનિસિયલ માસ્કોટ સાથે ૩૧મી ઓલિમ્પિકનો દમામભેર શુભારંભ થઈ ગયો છે.

ઓલિમ્પિક સાથે કુસ્તીના બે ખેલાડીઓના નામ તરત જ યાદ આવે જે પૈકી સ્વ.શંકરરાવ થોરાત કે જેમણે ગુજરાતવતી સૌપ્રથમ વાર કુસ્તીની સ્પર્ધામાં ભાગ લીધો હતો અને બીજો કે.ડી. જાધવ કે જેમણે ભારતની સૌપ્રથમ વ્યક્તિગત રમતમાં મેડલ અપાવ્યો. બન્ને ખેલાડી મૂળ સાતારા-મહારાષ્ટ્રના હતાં. સ્વ. શંકરરાવ થોરાતે ૧૯૩૬ની બર્લીન ઓલિમ્પિકમાં ભારત વતી ભાગ લીધો હતો. એ અગીયારમાં ઓલિમ્પિકનું ઉદ્ઘાટન જર્મનીના ચાન્સેલર એડોલ્ફ હિટલરે કર્યું હતું. ઓલિમ્પિક જ્યોત ફ્રિન્ઝ સ્કીલગને પ્રગટાવી હતી. સૌપ્રથમ વખત આ રમતોત્સવ ટેલીવિઝન દ્વારા ટેલિકાસ્ટ કરવામાં આવ્યો. બર્લીન ઓલિમ્પિક એથ્લેટ જેસી ઓવન્સના ચાર ગોલ્ડ મેડલ અને ભારતીય હોકીના જાદૂગર ધ્યાનચંદના સુકાનીપદે ગોલ્ડ મેડલ જીત્યો જેમાં એમણે એકલાએ ૧૧ ગોલ નોંધાવ્યાં હતાં, જેના કારણે યાદગાર રહી.



સ્વ.શંકરરાવ થોરાતના પૌત્ર વિશાલ પાસે એમની ડાયરીમાં નોંધેલી વિગતો, પાસપોર્ટ, ઓલિમ્પિક ઓળખપત્ર અને રેર ફોટોગ્રાફ્સ ઉપલબ્ધ છે. સ્વ. શંકરરાવ થોરાતના પિતા રામરાવ થોરાત સયાજીરાવ મહારાજના મહેલમાં સિપાઈની નોકરી કરતા હતાં. પરિસ્થિતિ એકદમ નાજુક, પણ શંકરરાવને કુસ્તીમાં રાષ્ટ્રકક્ષાએ શ્રેષ્ઠ પ્રદર્શન કરતાં એમને પોલિસમાં ભર્તી કરી લીધાં. ૨૭ વર્ષની વયે જ્યારે એમની કુસ્તીની ઓલિમ્પિક માટે પસંદ કરાયા ત્યારે તેઓ વડોદરા સેન્ટ્રલ જેલમાં જેલર તરીકે કાર્યરત હતાં. શંકરરાવ થોરાત જ્યારે કુસ્તીના કેમ્પ માટે લાહોર હતાં અને "વડોદરાનો અખાડીયન ઓલિમ્પિક માટે પસંદ"ના સમાચાર વાંચતા વડોદરાના રાજા સયાજીરાવ ગાયકવાડ વિમાનમાર્ગે એમને લાહોર મળવાં ગયાં હતા. એમની આર્થિક પરિસ્થિતિ ધ્યાને આવતાં એમણે થોરાતને બુટની મોગરીથી લઈ માથાની ટોપી સુધી સોનાથી મઢાવી દીધા હતા.

નવમી જુલાઈ ૧૯૩૬ના રોજ થોરાત કોન્ટેવર્લે નામની ઈટાલિયન સ્ટીમરમાં મુંબઈથી બર્લિન જવા નિકળ્યા હતા. સુએઝ કેનાલ, પોર્ટ સઈદ, એલિસીનીયા થઈને ૨૨મી જુલાઈએ વહેલી સવારે વેનીસ પહોંચ્યા હતા. ત્યારથી ટ્રેનમાં પ્રવાસ કરી ૨૪ કલાકે બર્લિન પહોંચ્યા હતા. ૧૯૩૬ની ભારતીય ઓલિમ્પિક ટીમમાં કુલ ૨૪ સભ્યો હતાં. હોકીના જાદુઈ ખેલાડી ધ્યાનચંદ સાથે હતા તો ગુજરાતના ચીનુભાઈ શાહ કે જેઓ વ્યાયામ નિર્દેશન ટીમ સાથે પ્રવાસ કરતાં હતા. થોરાત ધોબીપછાડ દાવમાં નિષ્ણાત હતા અને એમણે પ્રથમ રાઉન્ડમાં આયર્લેન્ડના પ્રતિસ્પર્ધીને માત્ર દોઢ મિનિટમાં હરાવી દીધો હતો. જ્યારે બીજા રાઉન્ડમાં જર્મન ખેલાડી સાથે ચાલેલી ત્રણ રાઉન્ડની ટક્કર બાદ થોરાતનો પરાજય થયો હતો.

જર્મન ખેલાડી દેખાવમાં દુબળા હોય છે પણ એમનામાં તાકાત ભરપૂર હોય છે. થોરાતને આ ઓલિમ્પિકમાં ત્રણ વસ્તુ યાદગાર લાગી હતી. એથ્લિટ જેસી ઓવન્સ કે જેણે એકલાએ ચાર ગોલ્ડમેડલ જીત્યાં હતાં. કાર્યક્રમના ઉદ્ઘાટક એડોલ્ફ હિટલર કે જેમણે ભારતીય ટીમને રૂબરૂમાં શુભેચ્છાઓ આપી હતી અને હોકીના જાદૂગર ધ્યાનચંદ કે જેમની કપ્તાનીમાં ભારતે હોકીમાં વિરોધી ચાર ટીમો સામે ૩૮ ગોલ ફટકાર્યા.

ઓલિમ્પિક રમીને પાછા ફર્યા બાદ થોરાતનું સન્માન રાજાએ કર્યું અને એ જમાનામાં રૂપીયા બે હજારનો રોકડ પુરસ્કાર અને વડોદરામાં વ્યાયામ શાળા બનાવવા જમીન આપી. હજુ આજે પણ બરાનપુરા ભાટવાડા વિસ્તારમાં થોરાત વ્યાયામ શાળા અસ્તિત્વ ધરાવે છે. જમાના પ્રમાણે મોર્ડનરૂપ આવ્યું છે. પણ કુસ્તીના અખાડાની જગ્યા અને એમણે બનાવેલું હનુમાનજીનું મંદિર યથાવત છે.

આઝાદી સમયે રાજા ગાયકવાડને ભરપૂર સહયોગ આપનારા થોરાત ડી.આઈ.જી. તરીકે નિવૃત્ત થયા હતા. એમણે એમનું નિવૃત્તિમય જીવન સે-૧૬ના સરકારી મકાનમાં એમના દીકરા હેમચંદ્ર થોરાતના ઘરે વિતાવ્યું હતું. તેઓ ૭૫ વર્ષની ઉંમરે પણ નિયમીત બાર કિમી ચાલતાં અને સો દંડ-બસ્સો બેઠકો મારતાં. સફેદ ચડ્ડી-ટીશર્ટ સાથે એક હાથમાં સ્ટીક અને કાને સ્ટ્રન્ઝીસ્ટર લઈ એમની પત્ની સાથે ચાલતાં હોવાની યાદો ગાંધીનગરના કેટલાય લોકોને છે.

થોરાતના પુત્ર હેમચંદ્ર થોરાત પણ કુસ્તીમાં નેશનલ રમેલા હતા અને એમણે તૈયાર કરેલા ખેલાડીઓ પણ નેશનલ મેડાલિસ્ટ છે. સે-૧૬ની શાળાના વ્યાયામ શિક્ષક તરીકે કડક છાપ ધરાવતાં મેજર રમત ગમત અધિકારી તરીકે નિવૃત્ત થઈ યોગાચાર્ય બન્યાં હતા. એમણે સ્થાપેલું હેમ હેલ્થ સેન્ટર, સેક્ટર-૨૭માં કાર્યરત છે, જે એમનો મોટો દીકરો નયન થોરાત સંભાળે છે. નયન થોરાત, રાજ્ય રમત-ગમત પરિષદના સચિવ તરીકે સેવા આપે છે. થોરાતના બીજા પૌત્ર સંજય થોરાત મેરેથોન રનર છે અને કલ્પતરૂ કંપની ખાતે મેનેજર તરીકે કામ કરે છે તથા ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી તરીકે સેવા આપે છે. આ નામ 'સંજય' પણ એમના આ ઓલિમ્પિક પ્લેયર દાદાએ જ પાડેલું છે. સ્વ. થોરાતની સંપૂર્ણ માહિતી ધરાવતા એમના પૌત્ર વિશાલ થોરાત વ્યાયામ શિક્ષક તરીકે લિંબોદરા હાઈસ્કુલમાં ખેલાડીઓ તૈયાર કરે છે, જે ખુદ હેન્ડબોલ અને જુડોના નેશનલ ખેલાડી છે.

સવાસો કરોડની વસ્તી ધરાવતું ભારત આજે પણ ઓલિમ્પિક મેડલ માટે સંઘર્ષ કરતું દેખાય છે, ત્યારે ભૂતકાળમાં આ માટીમાંથી પાકેલા ખેલાડીઓને યાદ કરી ધન્યતા મેળવવી રહી. સલમાનની સુલતાન અને આમિરની દંગલની કુસ્તી જુઓ ત્યારે ભારત માટે કુસ્તી લડતાં અને મેડલ મેળવતાં ખેલાડીઓને યાદ કરી તાળીઓ પાડી લેવી એ સાચી શ્રદ્ધાંજલિ હશે.

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

આ વખતનો વિષય છે :

**'યાદ દાદા-દાદીની'**